અપીલ અરજી નં.૪૧૫ તા.૧૮–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી રમેશ કે.જાંગીડ
સામાવાળાઃ– ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે.જાંગીડની તા. ૧૮–૧૦–૧૧ની અરજીથી શ્રી રાજારામ ફલોર મીલ, દુકાન નં.૧, ગોલ્ડન પાર્ક, ગંગાનગર સોસાયટી,પાલનપુર પાટીયા,સુરત, બાબતે મુદ્દા નં.(૧)ઉપરોકત સ્થળે આવેલ શ્રી રાજારામફલોર મીલને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ આરોગ્ય, ફુડ, ગુમાસ્તા ધારાના લાયસન્સની નકલો આપશો. મુદ્દા નં.ર રેસીડન્સીયલ એપાર્ટમેન્ટમાં આપના વિભાગ તરફથી ફલોર મીલ ચલાવવા અંગેની મંજુરી પત્રની નકલ આપશો. મુદ્દા નં.૩ આ મિલ્કત હેતુફેર થયેલ છે કે કેમ? જો ના થઈ હોય તો રેસીડન્સીયલ મિલ્કતમાં કોમર્શિયલ યુઝ બદલ અત્યાર સુધીમાં આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિત ની વિગતવાર માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૮–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૧૫/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે.જાંગીડની તા. ૧૮–૧૦–૧૧ની અરજીથી શ્રી રાજારામ ફલોર મીલ, દુકાન નં.૧, ગોલ્ડન પાર્ક, ગંગાનગર સોસાયટી, પાલનપુર પાટીયા, સુરત, બાબતે મુદ્દા નં.(૧) ઉપરોકત સ્થળે આવેલ શ્રી રાજારામ ફલોર મીલને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ આરોગ્ય, ફુડ, ગુમાસ્તા ધારાના લાયસન્સની નકલો આપશો વિ. મુદ્દા નં. (૧) થી (૩)ની માહિતી આપવા બાબતે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા મુદ્દા નં.૩ અંગે દફતરી વિગત નકલ સહ મોકલવા પત્ર નં. આરટીઆઈ સેલ/૧૧૬૫ તા.૩૦–૧૧–૧૧ થી ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૮૧૮ તા.૭–૧૨–૧૧ થી અરજદારની મુળ અરજીની નકલ, અરજદારે નકલના નાણાં ભર્યા અંગેની નકલ, અરજદારને પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈસેલ/૭૫૬ તા.૧૨–૧૧–૧૧ થી આપેલ પ્રત્યુત્તરની નકલ, અરજદારને જાવક નં.પી.એચ.ડી/ફુડ/૯૪૭ તા.૨૩–૧૧–૧૧ થી ચીફ ફુડ ઈન્સ્પેકટર તરફથી આપેલ માહિતી ની નકલ, પાર્ટીસ્ટેટસની નકલ, અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૮–૧૦–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતિ માંગતી અરજી જાહેર માહિતિ અધિકારી રાંદેર ઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા. ૧૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.(૧) ઉપરોકત સ્થળે આવેલ શ્રી રાજારામ ફલોર મીલને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ આરોગ્ય, ફુડ, ગુમાસ્તા ધારાના લાયસન્સની નકલો આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી આરોગ્ય ફુડ વિભાગ ધ્વારા આપવામાં આવેલ લાયસન્સની માહિતી ઉપલબ્ધ નથી. જયારે ગુમાસ્તાધારા વિભાગ ધ્વારા નીચે જણાવેલ નામથી સંસ્થાની નોંધણી કરવામાં આવેલ છે તેમજ નોંધણી પ્રમાણપત્રની નકલ કચેરીમાં રાખવામાં આવતી નથી. –શ્રીરાજારામ ફલોર મીલ, –કામકાજનો પ્રકાર : અનાજ દળવાનું કામ, –નોંધણી નં.:**WZ/S**/અડાજણ/૧૭૨૭, –નોંધણી તા.૩–૨–૧૯૯૧ થી નોંધવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જયારે ચીફ ફુડ ઈન્સ્પેકટર તરફથી ફુડ ખાતાના ઉપલબ્ધ રેકર્ડ તપાસતાં દુ.નં.–૧ ગોલ્ડન પાક , ગંગાનગર સોસાયટી, પાલનપુર પાટીયા, સુરત ખાતે આવેલ " શ્રી રાજારામ ફલોર મીલ" નામની સંસ્થાને પી.એફ.એ.એકટ હેઠળનું લાયસન્સ નં.**PFA/WZ/04/361** આપવામાં આવેલ છે.લાયસન્સ જે તે અરજદાર પાસે હોય તેની નકલ આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ. મુદ્દા નં.ર રેસીડન્સીયલ એપાર્ટમેન્ટમાં આપના વિભાગ તરફથી ફલોર મીલ ચલાવવા અંગેની મંજુરી પત્રની નકલ આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી સદર માહિતી અત્રેના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ. જયારે ચીફ ફુડ ઈન્સ્પેકટર તરફથી મુદ્દા નં. ૧ મુજબ તેવું જણાવેલ. મુદ્દા નં.૩ આ મિલ્કત હેતુફેર થયેલ છે કે કેમ? જો ના થઈ હોય તો રેસીડન્સીયલ મિલ્કતમાં કોમર્શિયલ યુઝ બદલ અત્યાર સુધીમાં આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિત ની વિગતવાર માહિતી આપવા. જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી સદર મિલકતની આકારણી ફલોરમીલ/ગોડાઉન/દુકાન તરીકે નોંધાયેલ છે. જે અંગેના પાર્ટી સ્ટેટસનાં કુલ–૩ નકલનાં નકલ દીઠ રૂા.૨/– પ્રમાણે કુલ રૂા.૬/– નકલ ચાર્જીસ જમા કરાવ્યેથી મળી શકશે. તેવુ જણાવેલ છે. જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ મુજબ અરજદારે નકલ ચાર્જીસના રૂા.૬/– ભરી નકલ મેળવેલ છે. તેવું પુરક વિગતોના પત્રમાં જણાવેલ છે. અરજદારે અપીલ અરજી દરમ્યાન મુદ્દા નં.૩ માં હેતુફેર અંગેની માહિતી માંગેલ છે જેમાં પાર્ટી સ્ટેટસની કોઈ જરૂર નથી મિલ્કત રેસીડેન્સીયલ છે છતાંય તેનો ઉપયોગ કોમર્શીયલ તથા ફલોર મીલ તરીકે થઈ રહયો છે. જે ગેરકાયદે કહેવાય છતાંય તે અંગેની માહિતી આપેલ નથી. તેવુ જણાવેલ.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૮–૧૦–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી  પૈકી મુદ્દા નં.૩ની પૂરી વિગતે  નહિં પુરી પડાયેલ માહિતી બાબતે  મિલ્કતનો હેતુફેર થયેલ છે કે કેમ? અને ન થઈ હોય તો કોમર્શીયલ ઉપયોગ બદલ થયેલી કાર્યવાહી ની નકલ સહિતની વિગતવાર દફતરી ઉપલબ્ધ હકીકત લક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે પુરીપાડવા ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :      –૧–૧૨

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે.જાંગીડ,